તા. ૨૭.૦૫.૨૦૨૫
ગુજરાત સમાચાર, પાના નં.-૦૫

### ૫૦૦ મીટર વીજ વાયર ચોરાયાની ઘટના બાદ

# મેટ્રોના સમગ્ર રૂટને હવે સીસીટીવી, સિક્યુરિટી ગાર્ડથી સજ્જ કરાશે

અમદાવાદ,સોમવાર

અમદાવાદ મેટ્રોમાં ૫૦૦ મીટર વીજ વાયરની ચોરીની અત્યંત ગંભીર ઘટનાને પાંચ દિવસ વીતી ચૂક્યા હોવા છતાં હજુ સુધી ગુનેગારો સુધી પહોંચવામાં પોલીસને નિષ્ફળતા મળી છે. બીજી તરફ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા હવે આવી ઘટનાનું પુનરાવર્તન થાય નહીં તેના માટે મેટ્રોના સમગ્ર રૂટમાં સીસીટીવી-ગાર્ડ મૂકવાનો નિર્ણય લેવાયો છે.

## વીજ વાયરની ચોરી થવાની ગંભીર ઘટનાને પાંચ દિવસ છતાં હજુ ગુનેગારોનો પત્તો નહીં

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવારે વહેલી સવારે વસ્ત્રાલથી થલતેજ વચ્ચે કેટલાક લોકોએ ૨૫-૨૫ મીટરના ૨૦ જેટલા કેબલ કાપી નાખ્યા હતા. જેના પગલે મેટ્રો રેલનો સમગ્ર વ્યવહાર ખોરવાયો હતો. આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ગુજરાત મેટ્રો હવે સફાળું જાગ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલે મેટ્રો દ્વારા એક ખાસ ટીમ બનાવવામાં આવી છે. તેમના દ્વારા મેટ્રોના સમગ્ર રૂટમાં સર્વે હાથ ધરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. મેટ્રોનો સમગ્ર રૂટ સીસીટીવી અને સિક્યુરિટી ગાર્ડથી સજ્જ કરાશે.

આ ઉપરાંત ભવિષ્યમાં વીજ પૂરવઠો ખોરવાઈ જવાની ઘટના બને તો તેની જાણ તુરંત જ એપરલપાર્ક અને ગ્યાસપુર ખાતેના કન્ટ્રોલ રૂમમાં થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. વીજ વાયર ચોરીમાં કોઈ જાણભેદુ સંકળાયેલો હોવાની વાત નિશ્ચિત છે. પરંતુ હજુ સુધી પોલીસ તેના સુધી પહોંચી શકી નથી. એવી પણ ચર્ચાએ વેગ પકડ્યો છે કે, હાલ માત્ર વીજ વાયર ચોરાયો છે. આ પ્રકારની બેદરકારીભરી ઘટનામાં આતંકી ષડયંત્રનું પણ જોખમ હતું.